<u>વિરમગામના મે.એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું. વિરમગામ,</u>

**ફોજદારી કેસ નં.૨૫૮૪/૨૦૨૫**
**આંક–૦૫**

શ્રી સરકાર .....ફરિયાદી

**વિરૂધ્ધ**

**ઈરફાન ઈબ્રાહીમભાઈ કટાર**
રહે. :કટારવાડા,ભરવાડી દરવાજાની અંદર,વિરમગામ,તા.વિરમગામ,જી.અમદાવાદ
.....આરોપી

આરોપ :– **બી.એન.એસ.કોડની કલમ–૨૨૩** મુજબ

<u>–:: ઠરાવ::–</u>

(૧) આ કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ **બી.એન.એસ કોડની કલમ–૨૨૩** મુજબનો ગુનો કરેલ છે.
(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી ગુના સબબ નોંધતા આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.
(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાત્રી આપતા હોય આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને હળવી સજા કરવી જોઇએ તેમ માનુ છું. આરોપી સામેના આક્ષેપિત ગુનાનો પ્રકાર, તેમાં સજાનું પ્રમાણ, આરોપીની રજૂઆત, તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા અને નામદાર ગુજરાતની વડી અદાલતે **૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોર**ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી અને ન્યાયિક જણાતુ હોઇ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>–:: હુકમ ::–</u>

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.કોડની કલમ–૨૭૫ મુજબ **બી.એન.એસ.કોડની કલમ–૨૨૩** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)**નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો દિવસ–૦૧ (એક)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩ મી માહે: સપ્ટેમ્બર સને: ૨૦૨૫ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૯/૨૦૨૫
વિરમગામ

(ઘનંજય જગદીશચંદ્ર વ્યાસ)
એડી.સીની. સિવિલ જજ અને
એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
વિરમગામ.
(જજ કોડ–જીજે૦૧૨૬૩)